# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 12 •• March, 2005



F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com


# अहो इमं पुण एगारसमं अच्छेरं !

નવી સદીના જૈનશાસનમાં નવા નવા રંગો દેખાઈ રહ્યા છે અને અગિયારમું આશ્ચર્ય ગણવું પડે એવી ચમત્કારી ઘટના બની રહી છે! જુઓ તો ખરા, ઘંટાકર્ણ મહાવીરના આજીવન કટ્ટર વિરોધીઓએ ઘંટાકર્ણ મહાવીરની પ્રતિષ્ઠા કરી! અને ઘંટાકર્ણ મહાવીરના કટ્ટર સમર્થકનો ટેકો મેળવવા પોતાની વર્ષો જૂની માન્યતાઓને પણ બાજુ પર મૂકી દીધી. આ એ લોકો છે, જેઓ જ્યારે જ્યારે મહુડી ગયા હોય ત્યારે ત્યારે ઘંટાકર્ણ મહાવીરની દેરીની પણ સામે *(હા, તેમની દેરીની પણ સામે)* જોતા નહોતા! અલબત્ત, ઘંટાકર્ણ મહાવીરની માતબર આવકમાંથી મળતો હિસ્સો તો તેમને એ વખતે પણ મીઠો મધ જેવો લાગતો જ હતો! આ એ લોકો છે, જેઓ જાહેરમાં પાટ ઉપરથી સેંકડો વખત કહી ચૂક્યા છે કે *“પૂજ્યપાદ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ એવી ‘સ્પષ્ટ’ આજ્ઞા આપી હતી કે મારા શિષ્ય પરિવારમાંથી હવે પછી કોઈ પણ સાધુએ ઘંટાકર્ણ મહાવીરનાં નવાં મંદિરો બનાવવાં નહીં કે તેની પ્રતિષ્ઠા પણ કરવી નહીં.”* પોતાના સેક્સી સાધુઓના બચાવ માટે તેઓ પોતે જ હવે થૂંકેલું ચાટી રહ્યા છે અને પોતાની વર્ષો જૂની માન્યતામાંથી ઉતરાય એટલું નીચે ઊતરી રહ્યા છે. સામા પક્ષે ઘંટાકર્ણ મહાવીરના આજીવન સમર્થક મૂછમાં હસી રહ્યા છે! અને પોતે આપેલા ટેકાની પૂરી કિંમત વસૂલી રહ્યા છે! પેલો પક્ષ પોતાના વિચારો બદલતો હોય તો બ્રેડનો એકાદ ટુકડો ફેંકવામાં તેમનું શું જાય છે! કોઈક લોકપ્રિય સાહિત્યકારે યોગ્ય રીતે જ કહ્યું હતું : ‘પડે છે ત્યારે સઘળું પડે છે!’

બહુશ્રુત ગણાયેલા જૈનશાસનના એક ખ્યાતનામ આચાર્ય ભગવંતના વિચારોને જીવનભર ટેકો આપતા રહેલા અને એ કારણે જ


**અનુસંધાન બીજા પાને**


# *સત્યને સાથ આપવાથી ‘કોઈકને ખોટું લાગી જશે’ એવી માનસિકતા આખરે ક્યાં સુધી?*

## સમય ચિંતન

અમુક લોકો હંમેશાં આંખ બંધ રાખે છે. અમુક લોકોને બતાવવામાં આવે ત્યારે આંખો ખોલે છે. અમુક લોકો જોયા પછી પણ 'જોયું છે જ કોણે?' એવી રસમ અપનાવે છે.

**– પ્રબુદ્ધ વચન**


# જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૧૨
સળંગ અંક ૩૬
માર્ચ, ૨૦૦૫

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■



પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧


**પહેલા પાનાનું શેષ**

એ આચાર્ય ભગવંતના પરિવારના જોશીલા અને હોંશીલા એક વર્તમાનકાલીન મુનિવર દ્વારા કોઈક સમયે એનું (સેક્સાચારી શિવસાગરને પંન્યાસપદ પ્રદાનરૂપ) વળતર પણ જેમને મળવાની તૈયારી થઈ ચૂકી હતી (અલબત્ત, એમના હાથે એવી કલંકિત દુર્ઘટના થવા ન પામી એ શાસનનું સમયસરનું પરમ સૌભાગ્ય) એવા સાધુઓ દ્વારા જ્યારે ઘંટાકર્ણ મહાવીરની પ્રતિષ્ઠા થયાનું જાણ્યું હશે ત્યારે વળતર આપવાની ઇચ્છાવાળા એ મુનિવર હવે ડઘાઈ ગયા હશે કે કેમ? ન જાને! કેમકે તેમના બહુશ્રુત પૂર્વજના વિચારોનો તો આ ચોખ્ખો જ અનાદર થયો ગણાય! (આદરણીય મુનિવર, આ લોકો સતત જુઠ્ઠાણું ચલાવે રાખે છે એવી મારી વાત હવે તો આપશ્રી સ્વીકારો! અને સાથોસાથ 'ટેકેદાર' તેમ જ 'ઠેકેદાર' વચ્ચેનો તફાવત પણ જરા જાણી લો! સત્યને સાથ આપવાથી કોઈકને ખોટું લાગી જશે એવી માનસિકતા આખરે ક્યાં સુધી?)

હવે તો (પ્રબુદ્ધ અને પોતાની બુદ્ધિથી વિચારી શકે તેવા) લોકોને ખાતરી થઈ જ હશે કે હું વારંવાર કહેતો આવ્યો છું એમ, જિંદગીભર 'શાસ્ત્ર, સિદ્ધાંત અને ભગવાનની આજ્ઞા'નું તૂત ચલાવે રાખનારાઓ કેવા ઢોંગી અને કપટી હતા! એમના હસ્તે ઘંટાકર્ણ મહાવીરની પ્રતિષ્ઠા એ તેમના જીવનભરના વિચારોનું સૌથી મોટું શીર્ષાસન છે! પૂજ્યપાદ પરમ ગુરુદેવેશ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીનો આત્મા પણ સ્વર્ગમાં રહ્યાં રહ્યાં પોતાના પરિવારના 'આ' નબીરાઓનાં આ બધાં તૂતો અને કરતૂતો જોતો જ હશે ને!

પહેલાં કેટલાક લોકો માત્ર પૂજ્યપાદ પરમ ગુરુદેવેશ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીને અને પૂજ્યપાદ પરમ ગુરુદેવેશ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીને જ બેવફા હતા, હવે તેઓ ખુદ પોતાના વિચારો સાથે પણ બેવફાઈ આચરી રહ્યા છે! અને પોતાના અંતરાત્મા (આલ્લે લે, આમાં વળી આ 'અંતરાત્મા' ક્યાંથી ટપકી પડ્યો! રોંગ નંબર!)ને પણ ઠગી રહ્યા છે!

'पुरुषविश्वासे वचनविश्वासः' કંઈ એમને એમ તો નહીં જ કહેવાયું હોય! અશ્રદ્ધેય બનેલાઓને ટેકો આપવો એ પણ જિનાજ્ઞાનો અનાદર જ ગણાવો જોઈએ.

કાચંડા કાચંડા, તું રંગ બદલવાનું આમની પાસેથી શીખજે! તારી રંગ બદલવાની કળા તો આ લોકો સામે કંઈ નથી!

**– મુનિ મિત્રાનંદસાગર**

# આપનો પત્ર મળ્યો

ત્રણ સાધુઓના ચોથા વ્રતના ભંગના સ્પષ્ટ પુરાવા (જય જિનેન્દ્ર 'અંક નંબર સાડાબત્રીશ') વાંચીને અમારાં હાજાં ગગડી ગયાં! પુરાવા આટલા બધા સ્પષ્ટ હશે એવું અમે કદી ધાર્યું નહોતું. અમે તો મોટાઓની વાતોમાં આવીને એમ માની લીધું હતું કે કોઈ ચોક્કસ હેતુસર એ ત્રણ સાધુઓને બદનામ કરવાનો મુનિશ્રી મિત્રાનંદસાગરજીનો કારસો છે. આ પુરાવાઓ જોયા પછી અમારે અમારી ધારણા બદલ્યા વિના કોઈ આરો રહ્યો જ નહીં. અમને ખાતરી થઈ છે કે વડીલો જ જરૂર કોઈ ચોક્કસ હેતુસર તેમને રક્ષણ આપી રહ્યા છે. આ ખરેખર અત્યંત શરમજનક બાબત છે. આપણા સમુદાયને કોણે ખાડામાં ઉતાર્યો છે તે હવે સમજાઈ ગયું છે પણ અમે તો ખૂબ લાચાર છીએ. તમને અમારા દિલથી આશીર્વાદ છે.

**સાગર સમુદાયના એક વ્યથિત મુનિ**



આપના મેગેઝિનમાં ત્રણ સાધુઓ વિરુદ્ધ જથ્થાબંધ સચોટ વિગતો જાહેર થયા પછી પણ જૈન સમાજના નમાલા આગેવાનોએ જે તે ભ્રષ્ટ સાધુઓનાં ચરણોમાં કૂતરાઓની જેમ આળોટવાનું ચાલુ રાખ્યું છે તે જોઈને અમને ખૂબ જ શરમ થાય છે.

**વિકાસ ભંડારી** (સિરોહી)

ખરેખર અમને ગૌરવ છે કે આપણા સમાજમાં મિત્રાનંદસાગર જેવો એકલવીર આપણા સમાજના ધાર્મિક માફિયાઓ સામે એકલા હાથે ઝઝૂમે છે. ખેદ તો એ વાતનો છે કે આપણા આગેવાનો એમને સાથ સહકાર આપવાના બદલે ભ્રષ્ટ સાધુઓને સાથ સહકાર આપે છે.

**ચંદ્રાબેન એમ. શાહ** (કાંકરીયા, અ'વાદ)

આવા નફ્ફટ સાધુઓને રક્ષણ મળતું હોવાના કારણે જ મારી જેવા યુવાનોએ ઉપાશ્રયોમાં જવાનું બંધ કરી દીધું છે. હું નાનો હતો ત્યારે મારી સાથે એક સાધુએ અનિચ્છનીય પ્રવૃત્તિ કરી હતી. એ નાલાયક હવે આચાર્ય બની બેઠો છે. એ વખતે પણ સંઘના જવાબદાર માણસોએ એને સજા કરવાના બદલે મને માર માર્યો હતો અને મોઢું બંધ રાખવા કહ્યું હતું. કહેવાતા મહારાજોએ ભેગા કરેલા પૈસામાંથી ટુકડાઓ ખાવા મળતા હોવાથી જવાબદાર માણસો જરૂર પડે તો આવા બદમાશ સાધુઓ સાથે સૂઈ જવા પણ તૈયાર હોય છે.

**સુધાકર શાહ** (સુરત)

'ખૂબ શરમજનક, ખૂબ શરમજનક, ખૂબ શરમજનક.' આ સિવાય બીજો કોઈ પ્રતિભાવ જડતો નથી.

**પીતામ્બરદાસ શાહ** (દાદર, મુંબઈ)

હું અત્યાર સુધી જય જિનેન્દ્રમાં જૈન સાધુઓ વિરોધી લખાણોની વિરુદ્ધમાં હતો. હમણાં છેલ્લો પુરાવાવાળો અંક વાંચ્યા બાદ આપને ખરેખર બિરદાવવાનું મન થાય છે. ખરેખર આવાં દૂષણો સામે આપ ખુલ્લી છાતીએ એક બહાદુર સિંહની માફક લડી રહ્યા છો. જો આવા બીજા બે-ચાર મિત્રાનંદસાગર ઊભા થઈ જાય તો સાચું કહું? થોડાં વર્ષોમાં જૈન સાધુ સમુદાયમાં આવા કાળા મોંવાળો એક પણ સાધુ ન દેખાય! પણ કહે છે ને કે સિંહનાં ટોળાં ન હોય, સિંહ તો એક જ હોય.

**ભૂમિત લાલજી મારૂ** (જામનગર)

શ્રેણિકભાઈ જેવા અગ્રણી પણ જ્યારે જવાબ આપવાની સ્થિતિમાં નથી ત્યારે મામલાની ગંભીરતા ખૂબ વધી જાય છે. આવા મોટા ગજાના

આગેવાનોને જો આચારભ્રષ્ટ સાધુઓનો બચાવ કરતા વડીલોની શેહ ભરવી પડતી હોય તો સામાન્ય માણસ પાસેથી તો કંઈ આશા રાખવાની રહેતી જ નથી.

**ધીરજબેન ચાલીસા** (સેટેલાઇટ, અ'વાદ)

અમને *જય જિનેન્દ્ર*ની ભાષા વાંચીને પહેલાં ખૂબ અયોગ્ય લાગતું હતું. હવે ખાતરી થઈ કે આનાથી હજારગણી તેજાબી ભાષા પ્રયોજાય તો પણ ઓછી જ છે. જો કે સાથોસાથ એ પણ ખાતરી થઈ છે કે તમે ગમે તે કરશો, બદમાશ સાધુઓનો વાળ પણ વાંકો થવાનો નથી. જે સ્થિતિ દેશની છે તેનાથી ખરાબ સ્થિતિ આપણી છે. પોકાર ક્યાં કરવો તે જ નથી સમજાતું.

**પરેશ એમ. શાહ** (સેલવાસ)

પુરાવાઓની હારમાળામાં પહેલો પુરાવો જોઈને ખાતરી થઈ કે અત્યાર સુધી જેઓ આપની નિંદા કરતા હતા તે બધા ખોટા હતા. કોઈક ચોક્કસ અણગમાના હેતુસર આપના વડીલોએ આપની વિરુદ્ધમાં સાજિશ કરી હતી એમ હવે ખાતરી થઈ ગઈ છે. ગાંધીનગર અને અમદાવાદમાં આપને હેરાન કરનારા બનાવટી શ્રાવકોએ અમને ગેરમાર્ગે દોર્યા હતા અને અમે એમની વાતોમાં આવીને ગેરમાર્ગે દોરવાઈ પણ ગયા હતા. આજે સત્ય સામે આવતાં આપની અવહેલનામાં જાણે અજાણે સહભાગી બનવા બદલ અફસોસ થાય છે. આપની માફી માગીએ છીએ.

**ધીરૂભાઈ દેસાઈ** (વાસણા, અ'વાદ)

* * *

સૂચિત જૈન મહાસંઘની રચના અંગે આપના વિચારોથી અમે હલબલી ગયા. આ મહાસંઘમાં ટ્રસ્ટીઓ તરીકે સામેલ થનારા લોકો ખરેખર આ કક્ષાના હશે એ તો તદ્દન ધારણા બહારની વાત છે. સાધુના પાતરામાંથી ગોચરી પાછી લેનાર ટ્રસ્ટીઓ જેવા પણ જૈનશાસનમાં છે અને પાછા તેઓ શ્રેણિકભાઈની નજીક પણ છે એ બાબત જ કેવી આંચકાજનક છે? જૈનશાસનમાં આવું કેટલું લોલેલોલ ચાલતું હશે? વૃદ્ધ સાધુને સંસારમાં રવાના કરીને તેના મૃત્યુનું કારણ બનનારા ટ્રસ્ટી અંગે વાંચીને હાયકારો નીકળી ગયો. પ્રશ્ન તો એ થાય છે કે આવું થયું ત્યારે એ વૃદ્ધ સાધુના વડીલો શું મંજીરા વગાડતા હશે? ગરજ હોય ત્યારે ડોસાઓને પણ મૂંડી નાખવા અને ગરજ મટી ગયા પછી તેમને તગેડી મૂકવા આવા બધા અધર્મો જૈનસંઘમાં ચાલે છે એ જાણીને મનમાં ખૂબ દુઃખ થાય છે. આપણે ખાલી ખાલી 'સવિ જીવ કરૂં શાસનરસી'ની બૂમો પાડવાનું બંધ કરી દેવું જોઈએ એમ હવે તો લાગે છે. મારો પ્રતિભાવ વધુ પડતો જણાય તો માફ કરશો, પરંતુ સૂચિત જૈન સંઘને જો આપના લેખમાં જણાવ્યા છે તેવા લોકોથી જ ભરી દેવાનો હોય તો સમજી લેજો કે આપણા સંઘની દશા પણ યુ. પી. અને બિહારના 'દાદાછાપ' રાજકીય પક્ષો જેવી જ થઈ જશે.

**પ્રભુદાસ સી. શેઠ** (માટુંગા, મુંબઈ)

જૈન મહાસંઘની રચના શાસ્ત્રવિરુદ્ધ છે. ગામેગામ શ્રી જૈન મહાસંઘ બિરાજમાન છે જ. એની ઉપર પોતાના હુકમો ચલાવનાર વળી બીજા કોઈ નવા સંઘની જરૂર નથી.

**પ્રતાપરાય શાહ** (ઓઢવ, અ'વાદ)

હે ઈશ્વર, તું અમારા સંઘના 'શ્રાવકરત્નો'ને સદ્‌બુદ્ધિ આપ, મારા વાલા...

**રજનીકાંત મનુભાઈ** (ઘાટકોપર, મુંબઈ)

* * *

*અમને છેલ્લા ત્રણ મહિનામાં, ત્રણ સેક્સપ્રેમી સાધુઓના પુરાવા, સૂચિત જૈન મહાસંઘની રચના અને અન્ય સંબંધિત વિષયો અંગે સેંકડો પત્રો મળ્યા છે. જેમાંના ઘણાખરા પ્રતિભાવો ઉપર આપેલા વાચકોના પત્રોને મળતા આવતા હોવાથી અમે દરેક પત્ર પ્રકાશિત કરી શકતા નથી. અમે અમારા માનવંતા વાચકોની લાગણી અંગે ખૂબ આભારી છીએ.*

તંત્રી : જય જિનેન્દ્ર

*પૈસા માટે ફાંફાં મારો છો? તો તમારી માટે ખાસ તક*

# જીતો રૂપિયા ત્રણ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ રોકડા... કડકડતા

આટલા રૂપિયા જીતવા તમારે શું કરવાનું? સંયમસાગર, પ્રેમસાગર અને શિવસાગર એ ત્રણે સાધુઓ ઉપર મૂકેલા ચોથા વ્રતના ભંગના આક્ષેપો ખોટા છે એવું તમારે પૂરવાર કરવાનું. બસ, મહાલક્ષ્મીજી તમને ફૂલની માળા પહેરાવવા 'થનગન થનગન' થઈ રહ્યાં છે. લક્ષ્મીજી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય! એટલું યાદ રાખજો કે અમદાવાદના 'સંદેશ' (તા. ૧.૫.૨૦૦૩)માં આવેલી મારી ઐતિહાસિક (પચ્ચીસસો એકત્રીસ વરસના ઈતિહાસમાં કોઈએ ન આપી હોય એવી અને એ સિવાયની સેંકડો ચેલેન્જો) કોઈ માઈનો લાલ ઉપાડી શક્યો નથી (વો દિન કહાં કિ...)! તે છતાં ફરી એક નવી તક! આજે જ ઝડપી લો.

કેવું પ્રમાણપત્ર માન્ય ગણાશે? હાઈકોર્ટ / સુપ્રિમકોર્ટે સત્તાવાર રીતે આપેલો ચુકાદો 'ચૂં કે ચાં કર્યા વિના' સ્વીકારી લેવામાં આવશે! અરે ભાઈ, હવે કોની રાહ જુઓ છો! આવી જાઓ મેદાનમાં. ઉપરોક્ત સાધુઓના કોઈ પણ શુભેચ્છક, ભક્ત, ચાહક, હિતેચ્છુ, સ્નેહી, 'રખેવાળ,' ચમચા, પિઠ્ઠુ અને પોઠિયા (ગાંધીનગર, વિજાપુર, અમદાવાદ, કોબા, મહેસાણા, નંદીગામ, બબલપુરા, વટવા વગેરે ગામોમાં બેસીને બબડાટ કરનારાઓ સહિત કોઈ પણ વ્યક્તિ) આ પડકાર ઝીલી લે! પૈસાની જરૂર તો કોને નથી હોતી?

સંદેશમાંની ઉપરોક્ત ચેલેન્જ વાંચવા ઇચ્છો છો? આજે જ http://www.jainshasan.com લોગઓન કરો અને Jay Jinendra Magazineમાં જઈને અંક નંબર ૧૪ ક્લિક કરો.

***લક્ષ્મીજી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય!***

## *પૈસાની જરૂર તો કોને નથી હોતી!*

## ધર્મ અને શાસનને વફાદાર હોય 'તેવા' ટ્રસ્ટીઓને

# દર્દભરી વિનંતી

સ્વામીનારાયણ સાધુઓની કામલીલાની સીડીઓમાં માસલેદાર સામગ્રી પ્રગટ થઈ ચૂકી છે. પુરાવા એટલા બધા છે કે તેને નકારવાની હિંમત કોઈ કરી શક્યું નથી.

આ ઘટનામાંથી જે મુદ્દાઓ ઊભા થાય છે તે તરફ જરા નજર કરવા જેવી છે :

- કોઈ 'જવાબદાર અને સમજદાર' સ્વામીનારાયણ સંતે કામાતુર સાધુઓનો બચાવ કર્યો નથી.
- લાગતા વળગતા કોઈ 'જવાબદાર અને સમજદાર' ટ્રસ્ટીએ કામાતુર સાધુઓનો બચાવ કર્યો નથી.
- સંબંધિત સાધુઓ પૈકી કેટલાકનો વેષ પાછો લઈ લેવાયો છે અને બાકીનાનો લઈ લેવાવાની તૈયારી થઈ ચૂકી છે.
- જે તે સાધુનાં કાળાં કામોમાં પરોક્ષપણે કે પ્રગટપણે ભાગીદાર બનનાર સાધુઓની વહીવટી અને અન્ય સત્તાઓ છીનવી લેવામાં આવી છે અને તેમની ઉપર કડક નિયંત્રણો લાદી દેવામાં આવ્યાં છે.
- *'મારા - તારા'*ની લપમાં પડ્યા વગર એક પછી એક આકરાં પગલાં લેવાઈ રહ્યાં છે.
- આ સંપ્રદાયના અનુયાયીઓ 'સમ્યક્ત્વ, નિર્જરા, કેવળજ્ઞાન, પંચમહાવ્રત જેવી વાતોના તડાકા અને ફડાકા કદી હાંકતા નથી કે ન તો તેઓ કદી ભગવાનની આજ્ઞાની ડીંગ પણ ઝાડે રાખે છે.

એમ છતાં તે સંપ્રદાયે એક પછી એક દાખલારૂપ પારદર્શી પગલાં લેવાનું શરૂ કર્યું છે.

આપણા સંઘના અનંતાનંત મહાકલંકિત ત્રણ સાધુઓએ આ સંતોના માથામાં ચપટી ભભરાવે એવાં કામો કર્યાં છે. તે અંગેના મજબૂત પુરાવા પણ પ્રગટ થઈ ચૂક્યા છે. સેંકડો ચેલેન્જો પણ પ્રગટ થઈ ચૂકી છે.

એવા સંયોગોમાં તમારી ફરજ બને છે કે તમે લાગતા વળગતા સાધુવેષધારીની સખત નશ્યત કરો. અત્યાર સુધી ભલે તમે તમારા 'શ્રદ્ધેય' માનેલા વડીલોની વાતોમાં ભરમાઈને નીચી મૂંડીએ એમના બચાવો સ્વીકારી લીધા હોય, પણ તમે વિચારો તો ખરા કે તમે બેઝિકલી એમના અનુયાયી નથી પણ ભગવાન મહાવીરના અનુયાયી છો. જેમણે આપણી શ્રદ્ધેયતા સાથે ચેડાં કર્યાં હોય તેવા હજારો ખમતીધર આચાર્યોને – તેઓ જબ્બર શાસનપ્રભાવક હોવા છતાં –

## *વ્યક્તિઓને વફાદાર હોય 'એવા' ટ્રસ્ટીઓ મહેરબાની કરી આ વિનંતી ન વાંચે*

## *સીમંધરસ્વામી જૈન દેરાસર (મહેસાણા), નંદીગામ જૈન દેરાસર (ભિલાડ), મહાવિદેહ ધામ (બબલપુરા), મમતા સોસાયટી જૈન દેરાસર (વટવા) વગેરે સમગ્ર સંસ્થાઓના 'શાસનપ્રેમી અને ધર્મપ્રેમી' ટ્રસ્ટીઓને નામજોગ વિનંતી.*

આપણા સંઘે ઉખાડીને ફેંકી દીધા છે. એટલું જ નહીં, તેમને હાંકી પણ કાઢ્યા છે. જૈન ઇતિહાસમાં આવાં હજારો ઉદાહરણો મળી આવે છે. એ વખતે કોઈએ એમનો જરા સરખોયે બચાવ કર્યો નથી.

તમે જૈન સંસ્થાઓના ટ્રસ્ટીઓ કોઈ ચોક્કસ મહારાજ સાહેબથી ઊજળા નથી, ભગવાન મહાવીરના કારણે ઊજળા છો. તમારી ઓળખ જે તે ઢોંગી આચાર્ય, મુનિ, સાધુને આભારી નથી, તમારી ઓળખ જૈનશાસનને આભારી છે. પાપી સાધુઓના રખેવાળ બનીને તમે સંઘ અને દુનિયાને ખોટો સંકેત આપી રહ્યા છો. આવતી કાલના પાપી સાધુઓ માટે સુરક્ષાછત્ર આપી રહ્યા છો. ખોટો દાખલો બેસાડી રહ્યા છો. નાગાઓ, લફંગાઓ, ગુંડાઓને મોકળું મેદાન આપી રહ્યા છો. શાસનના શત્રુઓને પનાહ આપી રહ્યા છો અને પાપ ઉપાર્જી રહ્યા છો.

**• સેક્સી સાધુઓના અને તેમના રખેવાળોના હાથા બનવાનું ટાળો •**

કેટલાક લોકોનું કહેવું સાચું હોય તો તમે કદાચ એ સાધુવેષધારીઓ તમારી બેન-દીકરીઓની ઇજ્જતમાં હાથ નાખે એની રાહ જોઈ રહ્યા છો. પણ એવું થશે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

*અરે જિનશાસનના આરાધકો, તમે તમારી બુદ્ધિથી વિચારવાનું કેમ છોડી દીધું છે?*

**પૂજ્યપાદ ગચ્છાધિપતિ પરમ ગુરુદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રેરણાથી બનેલાં તીર્થોનાં બંધારણોમાં સ્પષ્ટ જોગવાઈ છે કે 'ભગવાનની આજ્ઞામાં નહીં હોય એવા સાધુના માર્ગદર્શનને અનુસરવામાં નહીં આવે.' જો એ પૂજ્યપાદશ્રીજીમાં તમને એક છાંટોયે શ્રદ્ધા હોય તો આજે જ એ જોગવાઈનો અમલ કરીને વ્યભિચારી ગુરુઓ તથા તેમના પનાહદાતાઓની આજ્ઞા માનવાનું બંધ કરી દો અને એવા આજ્ઞાભંજક સાધુવેષધારીઓને લાગતાં વળગતાં તીર્થોમાં આવવાની મનાઈ ફરમાવી દો. જો એમ ન કરી શકો તો મહેરબાની કરીને કમસે કમ સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીજીના નામનો ઉપયોગ કરવાનું તો બંધ કરી જ દો.**

**ચારિત્રચૂડામણિ પૂજ્યપાદ ગચ્છાધિપતિ પરમ ગુરુદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીને વફાદાર ન હોય તે શાસનને વફાદાર ન જ હોય, પછી તે ટ્રસ્ટી હોય કે સાધુ.**

# ડબલ ઢોલકી એટલે શું?

આજકાલ સ્વામીનારાયણ સાધુઓની કામલીલા 'ટૉક ઓફ સ્ટેટ' છે. કોઈ સીડી મેળવવા ફાંફાં મારે છે, કોઈ સીડીનો નાશ કરવા ફાંફાં મારે છે. કોઈ ટોપી આલિયાના માથે નાખવા માગે છે તો કોઈ વળી માલિયાના માથે.

એ સાધુઓની લીલા તો એ જાણે પણ આમાં ગુજરાતી પ્રિન્ટ મિડિયાની ડબલ ઢોલકીની રસમ ખુલ્લી પડી છે એ તરફ વાચકોનું ધ્યાન દોરવાનું મન થાય છે.

એક છાપામાં સ્વામીનારાયણ સંતોની કામલીલાને નિમિત્ત બનાવીને બાવાઓની જમાત ઉપર પ્રતિબંધ મૂકવાની માગ કરાઈ છે. આ માગ કરનાર છદ્મવેષી કારીગર જ 'અકી'ના ઈશારે શિવ-પ્રેમ-સંયમસાગરનાં પાપોને છાવરવા તિકડમ કરીને કોરા કાગળો ઉપર સહી લેવા તેમની (એટલે કે સેક્સી ત્રિપુટીની) રખાત પાસે પહોંચી ગયો હતો! : *'આમાં જરા તમારૂં નામ લખો ને, મારે તમારા અક્ષર જોવા છે!'* અને પછી એક કોરો કાગળ પેલીની સામે ધરી દીધો હતો! શાબ્બાશ! જો કે પેલી રખાત એ કરામતીને ધોઈને પી ગઈ હતી એ જૂદી વાત થઈ! આમ નામ લખાવવા પાછળનો હેતુ એ કે પછીથી એ કોરા કાગળના ઉપલા હિસ્સામાં *'અમે તો બોયાં ય નથી ને ચાયાં ય નથી'* એમ ખુશીથી લખી નખાય અને જેવો પાડવો હોય તેવો ખેલ પાડી દેવાય!

બીજા છાપામાં વળી એક બીજા કરામતીએ લખ્યું : 'સંતો કયા માર્ગે?' અને પછી સાધુસંસ્થા 'બગડી ગઈ હોવા બદલ' મગરનાં આસુ સાર્યાં! આ કલાકાર એટલે કોણ ખબર છે? બીજું કોઈ નહીં, પણ શિવ-પ્રેમ-સંયમસાગરના મામલે પૂજ્યપાદ મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજને ધમકી અને ગાળો આપનાર નમૂના નંબર બે! ('ફાફડા સાથે ચટણી ફ્રી'ની જેમ ધમકી સાથે ગાળો ફ્રી!)

હવે વાત એક ત્રીજા કલાકરની. મહિનાઓ પહેલાં સ્વામીનારાયણ સાધુઓનું પ્રકરણ ગાજવાનું શરૂ થયું ત્યારથી શંકાસ્પદ ભૂમિકા ભજવીને બાકીના જાહેર નહીં થયેલા કામી કીડાઓ પાસેથી રૂપિયા ખંખેરનાર અને એમનાં પાપોને ઢાંકવા માટે બધું કરી છૂટનાર નમૂનો. આ નમૂનાએ અસ્તકીર્તિના ઈશારે પૂજ્યપાદ મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજને ધમકી આપી હતી કે 'એ ત્રણે સાધુઓ અને એમના વડીલોની વિરુદ્ધમાં કંઈ પણ લખશો તો તમારા બાર વગાડી દઈશ.' આ *'મિસ્ટર નવટવરલાલ'*ની નોકરી એ છાપામાંથી ચાલી ગઈ છે અને ભાઈ સાહેબ ગુજરાતી પ્રિન્ટમિડિયામાં કલંકિત બનીને *'રૂપિયા ખંખેરનારા'* તરીકે ખુલ્લેઆમ પંકાઈ ગયા છે! આ રૂપિયા ખંખેરનારાએ જ શિવ-પ્રેમ-સંયમસાગરનાં કાળાં કામો ઢાંકવાના મામલે ઉધામા કર્યા હતા. અલબત્ત એમની પાસેથી ઢગલો રૂપિયા ખંખેરીને સ્તો! આ આખો પ્લાન અમદાવાદથી થોડે દૂર આવેલા એક સ્થળે એક આચાર્યની નિશ્રામાં પાર પડ્યો હતો! અને અમદાવાદના એક ખ્યાતનામ દેરાસરના ખ્યાતનામ ટ્રસ્ટીએ રૂપિયાના કોથળા *'પહેલા ખોળાના નાલાયક સાધુઓનાં પાપો ઉપર ઢાંક-પિછોડો કરવા માટે'* પહોંચતા કર્યા હતા.

## *તેઓ બધા મગરનાં આંસુ સારે છે!*

# સંયમસાગરે અખિલ મહેતા સમક્ષ કરેલી સ્ફોટક કબૂલાતની આગલી કડી :

# ત્રણે સાધુઓનાં કાળાં કામોને દાબી દેવા જે કરવું પડે તે કરવાની 'ઉપરથી સૂચના હતી...'

ભારતીય લોકતંત્રના અડધી સદીના ઈતિહાસમાં હવે તો 'મા'ના પેટમાં રહેલું બાળક પણ જાણે છે કે *'ઉપરથી સૂચના'* હોવી તેનો શો અર્થ થાય છે!

*'ઉપરથી મળેલી સૂચના'*ના આધારે પૈસાના થેલાઓ લૂંટાવીને બધું મેનેજ કરવામાં આવ્યું હતું. પણ... છેવટે પાપ છાપરે ચડીને પોકાર્યું હતું.

સંયમસાગરની સ્ફોટક કબૂલાતમાં એટમબોમ્બ જેવાં બીજાં કેવાં કેવાં વિધાનો છે? *ફરી ક્યારેક.. મરજી થશે ત્યારે..* પ્રતીક્ષાની પળોમાં પણ ક્યારેક મજા હોય છે. આ 'ઉપરથી સૂચના આપનાર' પાત્ર કોણ?... લેટસ વેઈટ એન્ડ વોચ... બધું સામટું કહી દેવાય?????? નહીં જ વળી!!!!!!

આ પહેલાંનો સંયમસાગરની સ્ફોટક કબૂલાતવાળો અંક ('નંબર સાડા બત્રીશ!') વાંચવાનું ચૂકી ગયા છો? નો પ્રોબ્લેમ, આ અંક નેટ ઉપર ઉપલબ્ધ છે. આજે જ લોગઓન કરો : http://www.jainshasan.com અને Jay Jinendra Magazineમાં જઈને નવેમ્બરનો અંક ક્લિક કરો અને વાંચો. નેટ ઉપર જય જિનેન્દ્ર તદ્દન FREE છે.

# આડી ઊભી વાંકી અને ત્રાંસી નજરે...

આજકાલ મને શિખામણો, સલાહો અને મારા અંગે અભિપ્રાય આપનારાઓનો (મોટે ભાગે મારી ગેરહાજરીમાં જ!) રાફડો ફાટ્યો છે. મારા અણીદાર સવાલો તેમને ગમતા નથી એ તો ઠીક, પણ મારા ધારદાર જવાબોય એમને ગમતા નથી. અહીં સાદર છે : વણમાગી સલાહોના થોડાક (હા, થોડાક જ, આપણે સામા માણસની 'પાચનશક્તિ' યે જોવી તો પડે ને!) વણમાગ્યા જવાબો.

**– મિત્રાનંદસાગર**

**આ મિત્રાનંદસાગરજીએ રચનાત્મક કામો કરવાં જોઈએ અને નકારાત્મક પ્રવૃત્તિઓમાં ન પડવું જોઈએ.**

તદ્દન ખરી વાત. માટે જ તો ભ્રષ્ટાચારી સાધુઓને વડીદીક્ષા આપીને શુદ્ધ કરવાનાં રચનાત્મક સૂચનો વારંવાર કરૂં છું! સેક્સાચારી સાધુઓને ફરી વડીદીક્ષા આપીને ચોખ્ખા કરવા એ શું નકારાત્મક કાર્ય છે?

અને કમ સે કમ મારા પ્રયત્નોથી એકાદ માણસ ધનવાન બની શકે એ માટે 'રચનાત્મક ભાવના'થી પ્રેરાઈને જ તો મેં ત્રણ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ રૂપિયા (રોકડા, કડકડતા)નું ઈનામ જાહેર કરાવડાવ્યું છે. મારા આ રચનાત્મક કાર્યમાં જેને જોડાવાની ઈચ્છા હોય તેને ખુલ્લું આમંત્રણ છે!

**મિત્રાનંદસાગરજીની પાછળ કોઈ સિન્ડિકેટ કામ કરતી હોય એવું લાગે છે.**

તો ત્રણ ગુનેગાર મહાલંપટો શિવ-પ્રેમ-સંયમસાગરની પાછળ જેઓ છે તેમને શું કહેવાય?

**મિત્રાનંદસાગર કેવો છે એની અમને ખબર છે.**

મને પણ ખબર છે. એ તમારી ટીમમાં ન ભળી શકે તેવો, માખણ ન લગાડી શકે તેવો, ચાપલૂસી ન કરી શકે તેવો, બીજાએ લખી આપેલા લેખો અને પુસ્તકોને પોતાના નામે ન છપાવી શકે તેવો, નીર-ક્ષીરના વિવેકનો આગ્રહી, મેનેજ ન કરી શકાય તેવો, ખરીદી ન શકાય તેવો, બીજાની ઊછીની બુદ્ધિથી નહીં ચાલનારો, કાણાને કાણો કહી દે તેવો, સ્વર્ગસ્થ વડીલોના નામે જુઠ્ઠાણાં ચલાવતાં ન આવડે એવો, વગેરે અનેક દૂષણોથી તે ભરેલો છે.

**અમે એને સમુદાયમાંથી ફેંકી દીધો છે.**

સાચી વાત. કાણીયાઓની નગરીમાં બે આંખોવાળા માણસને કાઢી મૂકવામાં આવે એ રિવાજ આજકાલનો નથી. સિવાય કે એ પોતાની એક આંખ કઢાવી નાખીને કાણો બનવા તૈયાર થઈ જાય.

**વડીલો સાથે કેમ વર્તવું એ મિત્રાનંદસાગરે શીખવું જોઈએ.**

***સેક્સાચારી સાધુઓને ફરી વડીદીક્ષા આપીને ચોખ્ખા કરવા એ શું નકારાત્મક કાર્ય છે? આવડી મોટી રકમ આપીને કોઈને ધનવાન બનાવવો એ શું નકારાત્મક કાર્ય છે?***

ક્યા ખૂબ! હું આ સમુદાયના મારાથી નાના સાધુઓ પાસેથી જ શીખ્યો છું કે મારે વડીલો સાથે કેવી રીતે વર્તવું જોઈએ!!!!! પૂછી લો 'બાળોતિયાંસાગરો'ને!!!!! (બત્તી થઈ? કે પછી ટી. એલ. છે!)

**મિત્રાનંદસાગર દ્વારા લગાએ ગએ ઈલ્જામોં કે બારે મેં કોઈ ઠોસ પ્રમાણ નહીં હૈ!**

સહી ફરમાયા આપને. ઉલ્લૂ ભી તો યહી કહતા હૈ : 'દુનિયામેં સૂરજ ઔર પ્રકાશ જૈસા કુછ નહીં હૈ. યે સારી ભ્રાન્ત ધારણાએં હૈં! અરે કોઈ તો દિખાઓ : કહાં હૈ સૂરજ? કહાં હૈ પ્રકાશ?'

**એને દૂધમાંથી પોરા કાઢવાની ટેવ છે!**

આપ દૂધપાકમાંથી કાઢો છો?

**દરેક માણસે પોતે શું કરે છે તે પહેલાં જોઈ લેવું જોઈએ!**

સાવ સાચી વાત! માટે જ એન્ટિક જિન-મૂર્તિઓને સંડાસમાં છુપાડનારાઓ પોતે શું કરે છે એ પહેલાં જોઈ લેવું જોઈએ અને અસ્તકીર્તિઓના ઈશારે *"જેના ઈતિહાસની ખબર ન હોય એવી વાતોમાં"* ડોયા હલાવવાનું બંધ કરી દેવું જોઈએ. બની શકે તો એક તરફી જુઠ્ઠાણાં સાંભળીને ડોકી ધુણાવે રાખવાની બેઈમાનીની સાથોસાથ થોડી બીજી તરફની સાચી વાતને સ્વીકારી શકવાની બુદ્ધિમાની પણ કેળવી લેવી જોઈએ.

**એને સમગ્ર જૈન સંઘમાંથી કોઈનો સહકાર નથી મળ્યો. લોકો અને આગેવાનો તો અમારી સાથે જ છે.**

એમાં નવું શું કહ્યું? પૂજનીય પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજશ્રીએ લખેલી 'બહુમતિનું ફારસ' નામની વાર્તા વાંચી લેવી.

આ વાર્તા આ જ અંકમાં આ જ પૃષ્ઠ ઉપર આપેલી છે.

*

*પ્રિય વાચકો,*

*એક બાજુ તેઓ કહે છે કે મિત્રાનંદસાગરની પાછળ સિન્ડિકેટ છે. બીજી બાજુ કહે છે કે તેની સાથે કોઈ નથી! જોયું? સેક્સાચારીઓને બચાવવા ઝનૂને ચડેલાઓ બુદ્ધિનું કેવું 'નૈષ્ઠિક' બ્રહ્મચર્ય પાળે છે!*

---

# બહુમતિનું ફારસ

### પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ

જંગલમાંથી પસાર થતાં ચાર બ્રાહ્મણોને અસહ્ય તરસ લાગી. આમતેમ નજર કરતાં એક કૂવો મળી ગયો. પણ પાણી કાઢવું શી રીતે? છેવટે પગમાં પહેરેલાં જોડાંને માથે પહેરેલું ફાળિયું બાંધીને કૂવામાં ઉતારવાનું નક્કી કરવામાં આવ્યું.

પણ આ નિશ્ચય જાણીને એક બ્રાહ્મણ કંપી ઊઠ્યો. રે! ચામડામાં પાણી ભરી મોંએ પીવાનું? અહો! અધર્મ!

તેણે તો પેલા ત્રણને ઠપકો આપતાં જણાવી પણ દીધું કે, ગામમાં પહોંચીને તે બધાંને આ વાત કહી દેશે.

પાણી પીને સ્વસ્થ થયેલા ત્રણ બ્રાહ્મણો ઝપાટાબંધ ગામમાં પહોંચી ગયા. ચોથો તૃષાર્ત્ત બ્રાહ્મણ ઘણો મોડેથી ગામ ભેગો થયો. પેલા ત્રણ બ્રાહ્મણોએ જાહેર કર્યું કે, 'પાછળ આવતા બ્રાહ્મણે તરસ છિપાવવા માટે ખાસડાથી પાણી પીધું છે!'

ગામના વિપ્રો તેની ઉપર રોષે ભરાયા. તેના આવતાંની સાથે જ તેની ઉપર પસ્તાળ પાડી. તેણે સાચી વાત કરી કે, 'આવું તો મેં નથી કર્યું પણ પેલા ત્રણે જ કર્યું છે!'

સહુએ કહ્યું, 'બસ! તું એકલો કહે તે જ સાચું અને પેલા ત્રણ કહે તો ય ખોટું એમ જ ને? તારી વાત તદ્દન ખોટી છે. શુદ્ધિ કર પછી જ બીજી વાત.' પેલો બિચારો બ્રાહ્મણ ડઘાઈ ગયો.

# પૂજ્યપાદ પરમ ગુરુદેવેશ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.ના પરિવારના સાધુઓને ખુલ્લો પત્ર

આરાધ્યચરણ પૂજ્યપાદશ્રીના પરિવારના મુનિવરો,

સાદર વંદના / અનુવંદનાદિ સ્વીકારશો.

મારી દ્વારા આપ સર્વને લખાયેલા પત્રો હંમેશાં કચરાપેટીમાં જતા હોવાથી આ વખતે અહીં જાહેરમાં આપને પત્ર લખું છું. જવાબ ખાનગીમાં આપશો તોય ચાલશે, જાહેરમાં આપશો તોય ચાલશે.

તા. ૬-૧-૨૦૦૫ના એક વર્તમાનપત્રમાં પંન્યાસ શ્રી ઉદયકીર્તિસાગરજી મહારાજનો એક લેખ પ્રગટ થયો છે. તેમાંનું કેટલુંક લખાણ હું અહીં અક્ષરશઃ ઉતારૂં છું :

*''શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે કક્કાવલી સુબોધમાં કહ્યું છે કે : 'મારી ત્રીજી પાટે સુબોધ નામનો સંત બિરાજશે, જે સમસ્ત જગતમાં જિનશાસનનો કીર્તિધ્વજ લહેરાવશે અને તે જિનશાસન દીવાકર તરીકે ખ્યાતિ પામશે!' અને શ્રીમદ્જીની આ વાત તદ્દન સાચી પડી છે.''*

આ લખાણમાંથી કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે : પૂજ્યપાદ પરમ ગુરુદેવેશ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજને પોતાની પરંપરામાં થનારા ઉત્કૃષ્ટ ચારિત્રધર અને જૈન શાસનના સેંકડો શાસન દિવાકરો જેમનાં ચરણોમાં સમાઈ જાય એવા પ્રભાવકશિરોમણિ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ અંગે કંઈ ખ્યાલ જ નહીં આવ્યો હોય? શું તેઓ પૂ. કૈલાસસાગરસૂરીશ્વરજી મ. અંગે આગાહી કરવાનું ભૂલી ગયા હશે? પછીથી થનારનો જેમને ખ્યાલ હોય એમને પહેલાં થનારનો ખ્યાલ ન હોય એવું બને?

પૂ. ગચ્છાધિપતિ શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજના પોતાના અંગત ચારિત્ર પ્રત્યે કે તેમની પ્રભાવકતા પ્રત્યે કોઈ પ્રશ્નાર્થ નથી, તેમ છતાં તેમની ભાટાઈ કરવા ગમે તેમ લખી શકાય? વડીલોના ગુણાનુવાદ અને તેમની ખુશામતમાં શું કોઈ ફરક નથી? પંન્યાસજીએ આવાં ગપ્પાં ન હાંક્યાં હોત તો શું પૂ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજની પ્રભાવકતાનું મૂલ્ય ઓછું થઈ જાત? ગુરુની પ્રમાણાતીત પ્રશંસા માટે ભૂતકાળમાં થઈ ગયેલા મહાપુરુષના મોઢામાં ગમે તેવા નકલી શબ્દો મૂકી શકાય? શું કક્કાવલી સુબોધની **'લેખકની હયાતીમાં બહાર પડેલી આવૃત્તિ'**માં પંન્યાસજી દ્વારા જણાવાયેલું આવું કોઈ લખાણ છે? ન હોય તો તેઓશ્રી શું પૂરવાર કરવા માગે છે? **કક્કાવલી સુબોધમાં આટલી સ્પષ્ટ આગાહી હોય તો મહુડીમાં જાહેરમાં મુકાયેલી શ્રીમદ્જીની સચોટ આગાહીઓમાં તેને કેમ સમાવવામાં નથી આવી?** ખોટાબોલા લોકોનો ટેકો મેળવવા પૂજ્યપાદ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના પરિવારે ગમે એટલી હદે નીચે ઊતરવાનું?

શું સમુદાયમાં સ્ટાલિનનું શાસન ચાલે છે કે કોઈને કશું પૂછી શકાય જ નહીં? આટલું

**વધુ છેલ્લા પાને**

**જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૨ નો ઉકેલ**

૧. ચોમુખ / ૨. ચરવળો / ૩. ચાર / ૪. ચારિત્ર / ૫. ચરણસિત્તરી / ૬. ચંદ્રપ્રભસ્વામી / ૭. ચંદ્રાનન / ૮. ચકરાવો / ૯. ચક્ષુદર્શન / ૧૦. ચાર્વાક / ૧૧. ચાણક્ય / ૧૨. ચેતન / ૧૩. ચતુઃશરણ (ચઉસરણ) પયન્ના / ૧૪. ચઉક્કસાય / ૧૫. ચૂલિકા / ૧૬. ચઉવ્વિહ / ૧૭. ચરિત્ર / ૧૮. ચઉદમા (ચૌદમા) / ૧૯. ચેલાઓ / ૨૦. ચૈત્ય / ૨૧. ચંડકૌશિક / ૨૨. ચક્રવર્તી / ૨૩. ચોત્રીશ / ૨૪. ચૌદસ / ૨૫. ચોમાસી / ૨૬. ચંદ્રપ્રભા / ૨૭. ચક્ર / ૨૮. ચક્રેશ્વરી / ૨૯. ચૌદપૂર્વી / ૩૦. ચિંતામણિ / ૩૧. ચેલ્લણા / ૩૨. ચમરેન્દ્ર / ૩૩. ચંદનબાળા / ૩૫. ચૈત્ર / ૩૬. ચૂર્ણિ / ૩૭. ચાતુર્માસ / ૩૮. ચામર / ૩૯. ચઉરિન્દ્રિય / ૪૦. ચેડા (ચેટક) / ૪૧. ચતુર્વિધ સંઘ / ૪૨. ચૈત્યવંદન / ૪૩. ચંપો / ૪૪. ચિત્રા / ૪૫. ચકોર (ચબરાક).

નોંધ ૧ : કાઉંસમાં દર્શાવેલા જવાબો પણ માન્ય છે. નોંધ ૨ : સ્વાધ્યાય સ્પર્ધા '૧૨'માં '૩૪' નંબર આપવાનો રહી ગયો હતો, તેથી તે રીતે જવાબો વાંચવા વિનંતી છે.

■ ■ ■

જય જિનેન્દ્ર 'સ્વાધ્યાય સ્પર્ધા - ૧૨'ના વિજેતા :

લક્ષ્મીબેન મેઘજી શાહ (કંડલા) તેમને ઈનામ રવાના કરાઈ રહ્યું છે.

## *સરળ સ્વભાવી લોકોની સહાનુભૂતિ મેળવવા*
# હોસ્પિટલમાં દાખલ થઈ જવાનાં ગતકડાં ચાલુ જ છે!

બધેથી ઠોકરો ખાઈને થૂ થૂ થઈને પોતાની 'કામભૂમિ'માં પરત ફરેલો એક સાધુવેષધારી ફરી પાછો હોસ્પિટલની મુલાકાત લઈ આવ્યો! દુનિયાને એક વાર મૂરખ બનાવી શકાય, બે વાર બનાવી શકાય, દસ વાર બનાવી શકાય, કંઈ આખી જિંદગી તો ન જ બનાવી શકાય ને? ચારે બાજુથી લોકોના અણિયાળા સવાલોથી ગળે આવી ગયેલો એ સાધુવેષધારી એના ગુરુની હયાતી વખતે પણ આવાં જ ગતકડાં કરતો હતો. '*હું મરી જઈશ, મને મારી નાખો, હું ઝેર પી લઈશ.*' વગેરે તિકડમોથી પરેશાન થયેલા તેના ગુરુએ તેને તગેડી મૂકેલો હોવા છતાં ના છુટકે પાછો બોલાવી લેવો પડ્યો હતો. જો કે ગુરુની વફાદારીના તડાકા મારનારો અને ગુરુના નામે ટ્રસ્ટો બનાવીને ઉઘરાણાં કરનારો એ સાધુવેષધારી આમ તો બીજા સમુદાયના એક આચાર્યનો ચેલો બનીને નાતરૂં કરવા પણ તૈયાર થઈ જ ગયો હતો અને ગોળધાણાં પણ ખવાઈ ગયાં હતાં, પણ તેની માતા વચ્ચે પડવાથી તેના ગુરુએ કચવાતા હૈયે પાછો રાખ્યો હતો. એના ગુરુ તો જાણતા જ હતા કે એ ક્યાંય સખણો રહેવાનો જ નથી, પરંતુ તેમ છતાં તેના રોજેરોજના આ પ્રકારના 'ઇમોશનલ બ્લેકમેઇલિંગ'થી કંટાળીને તેને પાછો રાખી લીધો હતો. આ કલાકારે ફરી પાછા પોતાના જૂના કીમિયા અને દાવપેચ અજમાવવાના ચાલુ કરી દીધા છે. સાવધાન!

---

જૂના વિચારકોના કહેવા પ્રમાણે પૈસાની ત્રણ ગતિ : દાન, ભોગ અને નાશ. હવેના સમયમાં (સાધુઓના) પૈસાની ત્રણ ગતિ : પહેલાં રખાતને ખવડાવો (જેથી તે લહેર કરાવે), પછી પત્રકારોને ખવડાવો (જેથી તે ચૂપ રહે), ફરી પાછા રખાતને ખવડાવો (જેથી તે મોઢું બંધ રાખે અને 'બધું બકી ન મારે!').

# સેટેલાઈટ ખાતે સિદ્ધચક્ર મહાપૂજન યોજાયું

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા સોમેશ્વર આરાધના ભવન ખાતે પૂજનીય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની પાવન નિશ્રામાં તા. ૧૯-૨-૨૦૦૫ના દિવસે સિદ્ધચક્ર મહાપૂજન ભક્તિમય વાતાવરણમાં યોજાઈ ગયું.

એડવોકેટ અસ્મિતા પાલખીવાલા તરફથી યોજાયેલા આ પૂજનમાં ન્યાયતંત્રની વિવિધ હસ્તીઓએ પણ ઉમંગભેર હાજરી આપી હતી.

સુવિખ્યાત વિધિકાર પરમ શ્રાવક શ્રી હીરાભાઈ શાહીબાગવાળાએ અણિશુદ્ધ ક્રિયા સાથે પૂજન દરમ્યાન પ્રત્યેક અવસરે પૂજનના મર્મ ઉપર પ્રકાશ પાડ્યો હતો.

પૂજન દરમ્યાન શ્રી બાબુલાલ ભોગીલાલ પાલખીવાલા, શ્રીમતી હંસાબેન બાબુલાલ પાલખીવાલા તથા તેમની સુપુત્રીઓ અને જમાઈઓએ પણ ઉમંગભેર સહયોગ આપ્યો હતો અને પૂજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. પૂજનના સમાપન પછી સાધર્મિક ભક્તિ કરવામાં આવી હતી.

આ પહેલાં તા. ૧૪ ફેબ્રુઆરીના રોજ સુશ્રી અસ્મિતા પાલખીવાલાના સેટેલાઈટ ખાતેના નવા નિવાસસ્થાને વાસ્તુપૂજન રૂપે ભગવતી પદ્માવતી માતાજીના હવનનું આયોજન પણ ભાવપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું.

# પદ્મોદયસાગર પણ ગોરજી બની ગયા

સુવિખ્યાત વ્યાખ્યાનકાર જૈનાચાર્ય શ્રી. પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પદ્મોદયસાગરજીએ ગોરજી જીવનનો સ્વીકાર કરી લીધો છે. આ અગાઉ તેઓશ્રીના અન્ય બે શિષ્યો નિર્મળસાગરજી તથા ઉદયસાગરજીએ પણ ગોરજી જીવનનો સ્વીકાર કરી લીધો હતો. જો કે આ ત્રણે જણાએ ગોરજી જીવન અપનાવતાં પહેલાં વાહનવ્યવહાર વગેરે સાધુજીવન વિરુદ્ધની પ્રવૃત્તિઓ તો વર્ષો પૂર્વે જ શરૂ કરી દીધી હતી એમ અમારા પ્રતિનિધિએ જણાવ્યું છે.

દક્ષિણ ભારતના એક પ્રખ્યાત શહેરમાં એક વાહનમાં ફરી રહેલા પદ્મોદયસાગરને *જય જિનેન્દ્ર*ના એક પ્રતિનિધિએ નજરે જોતાં તેણે આશ્ચર્ય પામીને તપાસ કરતાં દક્ષિણ ભારતના એક જૈન આગેવાને પણ આ બાબતને સમર્થન આપ્યું હતું.

'જો કે સાધુજીવનમાં રહીને તેઓ જે કરતા હતા તે કરતાં આ રીતે રહીને તેઓ એમ કરે એ વધુ સારૂં છે' એમ દક્ષિણ ભારતના એ આગેવાને ઉમેર્યું હતું.

# આ. શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મ.નો રાજસ્થાન તરફ વિહાર

સાહિત્યસેવી પૂ. આ. શ્રી ચિદાનંદ-સૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટધર મધુરભાષી પૂ. આ. શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મ. આદિ મુનિવરોએ પાલિતાણાથી રાજસ્થાન તરફ વિહાર કર્યો છે. આગામી ૧૦મી માર્ચ સુધીમાં તેઓશ્રી શંખેશ્વરજી મહાતીર્થે પહોંચે તેવી ધારણા છે. ત્યાં થોડો સમય સ્થિરતા કરીને તેઓશ્રી રાજસ્થાન તરફ પોતાનો વિહાર લંબાવશે. તેઓશ્રીએ *જય જિનેન્દ્ર*ને કહ્યું હતું કે તેમનું આગામી ચાતુર્માસ પણ રાજસ્થાનમાં થનાર છે.

# મુલુંડ ખાતે દીક્ષા મહોત્સવ અને પોષદશમીની આરાધના

પૂજનીય આચાર્ય શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂજનીય ગણિવર્ય શ્રી યુગચંદ્રવિજયજી મહારાજશ્રી આદિ મુનિગણની નિશ્રામાં મુંબઈના મુલુંડ ખાતે ભવ્ય દીક્ષા મહોત્સવનું આયોજન કરાયું હતું.

પોષ સુદ સાતમના શુભ દિવસે શ્રી વિસનજી દેવજી ગાલા, શ્રી નીતીનભાઈ પ્રવીણચંદ્ર લાલણ, નિમિષાબેન નીતીનભાઈ લાલણ તથા દક્ષાબેન રતિલાલ દોશી એ ચારે મુમુક્ષુઓની દીક્ષા અનેરા ઉલ્લાસમય વાતાવરણમાં યોજાઈ હતી.

પૂજ્યશ્રી દ્વારા દીક્ષિત થયેલા મુમુક્ષુઓનાં નામો અનુક્રમે મુનિ શ્રી પૂર્ણરુચિવિજયજી મ., મુનિ શ્રી હિતયશવિજયજી મ., સા. શ્રી નમ્રરુચિતાશ્રીજી મ. તથા સા. શ્રી દિવ્યગિરાશ્રીજી મ. રાખવામાં આવ્યાં હતાં. બન્ને નૂતન મુનિવરો પૂ. મુ. શ્રી હિતરુચિવિજયજી મ.ના શિષ્ય બન્યા છે અને નૂતન સાધ્વીજીઓ અનુક્રમે પૂ. સા. શ્રી હિતદર્શિતાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.નાં શિષ્યા બન્યાં છે.

આ પૂર્વે માગસર વદમાં પોષદશમીનો અવસર પણ આવતો હોઈ શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ અને દીક્ષા કલ્યાણકની આરાધના પણ પૂજનીય ગુરુ ભગવંતોની નિશ્રામાં ભાવોલ્લાસ પૂર્વક કરવામાં આવી હતી.

પૂજનીય ગણિવર્ય શ્રી યુગચંદ્રવિજયજી મ.ને પંન્યાસપદપ્રદાનની જાહેરાત પણ આ અવસરે કરવામાં આવી હતી. આ પદપ્રદાન વૈશાખ માસમાં મુંબઈ લાલબાગ ખાતે કરવામાં આવશે.

# ઉદવાડામાં સાલગીરી મહોત્સવ ઉજવાયો

પૂજનીય આચાર્ય શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂજનીય ગણિવર્ય શ્રી યુગચંદ્રવિજયજી મહારાજશ્રી આદિ મુનિગણની નિશ્રામાં ઉદવાડા (દ. ગુ.) રાજમાર્ગ પર સ્થિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનમંદિરની સત્યાવીસમી સાલગીરી ભવ્યતા પૂર્વક ઉજવાઈ હતી. આ પ્રસંગે નૂતનદીક્ષિત પૂ. સાધ્વીઓ શ્રી નમ્રરુચિતાશ્રીજી મહારાજ તથા શ્રી દિવ્યગિરાશ્રીજી મહારાજની વડીદીક્ષાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સોનામાં સુગંધ ભળે તેમ આ અવસરે પૂ. આચાર્યશ્રી લિખિત પુસ્તક 'મુક્તિનો મારગ મીઠો'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. પ્રસંગોચિત પ્રભાવના સંઘપૂજનાદિ દ્વારા સાલગીરી મહોત્સવ યાદગાર બની રહ્યો હતો. પૂજ્ય આચાર્યશ્રી આદિ મુનિવરો અહીંથી વિહાર કરી નાસિક તરફ પધાર્યા છે.

# મુનિ શ્રી નંદીઘોષવિજયજી મ.ની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત

આધુનિક વિજ્ઞાનના જાણીતા અભ્યાસી પૂ. મુનિ શ્રી નંદીઘોષવિજયજી મહારાજે રાષ્ટ્રપતિ શ્રી એ. પી. જે. અબ્દુલકલામની ગત જાન્યુ-આરીમાં અમદાવાદ મુલાકાત અવસરે તેમની સાથે કેટલીક ક્ષણો ગાળી હતી અને ધર્મ તથા વિજ્ઞાનનાં વિવિધ પાસાંઓ અંગે ગોઠડી કરી હતી.

ઉલ્લેખનીય છે કે મુનિ શ્રી નંદીઘોષવિજયજી મ. દ્વારા સ્થપાયેલી 'ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા' દ્વારા તેમનાં વિવિધ પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે, જેમાં આધુનિક વિજ્ઞાન અને જૈનધર્મના વિવિધ વૈજ્ઞાનિક પાસાંઓ ઉપર ચિંતન કરાયું છે.

**બારમા પાનાનું ચાલુ**

બધું ઘોર અંધેર? સમુદાયને અંગત પેઢીમાં ફેરવી નાખવાની આટલી બધી અદમ્ય ગુસ્તાખી? પંન્યાસજીના આ લખાણ અંગે પૂજ્યપાદ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના પરિવારમાંથી કેટલા સાધુઓએ અવાજ ઉઠાવ્યો? જેઓ અવિદ્યમાન ગુરુઓના નામે ગપ્પાં મારી શકે તેઓ બીજું તો શું શું ન કરી શકે? આવાં ગપ્પાં હાંકે રાખવા બદલ સાગર સમુદાયના ગચ્છાધિપતિશ્રી તેમને કોઈ પ્રાયશ્ચિત્ત આપવા માગે છે કે કેમ? કે પછી પોતે જરાય ખુશામતપ્રેમી નથી એ બતાવવાનો મોકો પણ તેઓશ્રી ચૂકી જવાનું પસંદ કરશે?

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના નામે ગપ્પાં હાંકવાં એ ખુદ શ્રીમદ્જીનો પણ અનાદર છે, એટલું જ નહીં તેઓશ્રી પ્રત્યે ન સાંખી શકાય તેવો ઘોર અપરાધ પણ છે.** પં. ઉદયકીર્તિસાગરજી મ.ને સમુદાયના મુનિવરો આટલું જણાવવા આગળ આવશે?

પૂજ્યપાદ પરમ ગુરુદેવેશ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્યપાદ પરમ ગુરુદેવેશ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજનો ખુલ્લેઆમ અનાદર થવા દઈને પણ સેક્સી સાધુઓના બચાવના ટૂંકા ગાળાના લાભ માટે આવા લોકોનો ટેકો મેળવીને સમુદાય આખરે શું પૂરવાર કરવા માગે છે?

દર વખતની જેમ આ વખતે પણ પત્રોત્તરની પ્રતીક્ષામાં –

**મિત્રાનંદસાગરની વંદના / અનુવંદના**

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

પહેલાં રાવણ સાધુનો વેષ ભજવતો હતો, હવે સાધુઓ રાવણનો વેષ ભજવે છે!

●

**સ્પંદન**

ઓછું પાત્ર ને અદકું ભણ્યો;
વઢકણી વહુએ દીકરો જણ્યો!

●

**ના હોય!**

**અસ્તકીર્તિ :** ‘આ તો સાલો ખાઈ ખપૂચીને આપણી પાછળ પડી ગયો છે.’

**શૈલુ :** ‘અત્યાર સુધી ડગ્યો અને ડર્યો નથી તેથી લાગે છે કે એ આખરે ‘सत्यमेव जयते नानृतं’ સૂત્રને સાર્થક કરીને જ જંપશે.’




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad